Letter No: EPCD/0068/04/2023 Dt: 06-04-2023

<u>ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨ બાબત.</u>

ગુજરત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જીયુવી/૧૯૨૦૨૨/૧૫૬૩/ક૧
સચિવાલય,ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીયુવી/૧૯૨૦૨૨/૧૫૬૩/ક૧, તા.૩૦/૦૧/૨૦૨૩

(૨) જી.યુ.વિ.એન.એલ.ના પત્રક્રમાંક: જી.યુ.વિ.એન.એલ/ટી-૩/ડી.ઈ-૨/વી.ડી.એસ-૨૦૨૨ બી.કે.એસ/૫૯૬, તા.૧૩/૦૩/૨૦૨૩

<u>પ્રસ્તાવના:</u>

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના રાજ્ય સરકારના ઠરાવથી, રાજ્યના ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા માટેની " ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨" તારીખ ૩૧/૦૩/૨૦૨૩ સુધી અમલમાં મુકવામાં આવેલ. જે અન્વયે, ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા સદર યોજના હેઠળ ખેડૂત અરજદારોને તફાવતના ફિક્સ સર્વિસ કનેક્શન ચાર્જની ભરપાઈમાંથી મુક્તિ આપવા અંગે રજૂઆત કરવામાં આવેલ. તદઅન્વયે,ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ તેમના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૧૩/૦૩/૨૦૨૩ના પત્રથી " ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨" અંતર્ગત ખેડૂત અરજદારોને તફાવતના ફિક્સ સર્વિસ કનેક્શન ચાર્જની ભરપાઈમાંથી મુક્તિ આપવા અંગેની દરખાસ્ત કરેલ.

આમ, "ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨" અંતર્ગત ખેડૂત અરજદારોને તફાવતના ફિક્સ સર્વિસ કનેક્શન ચાર્જની ભરપાઈમાંથી મુક્તિ આપવા અને આ યોજનાને હજુ બહોળા પ્રમાણમાં પ્રસિદ્ધી મળે તે હેતુથી યોજનાની મુદ્દત વધારવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

ઉકત વિગતોએ, પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે છે કે, "સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૨૨" હેઠળ ખેતી વિષયક વીજ જોડાણોની લોડ વધારાની અરજીઓ માટે ખેડૂત અરજદારોને તફાવતના ફિક્સ સર્વિસ કનેક્શન ચાર્જની ભરપાઈમાંથી મુક્તિ આપવા આવે અને સદર મુક્તિ કરવાપાત્ર તમામ રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને તેની સંલગ્ન કંપનીઓએ તેમના સ્વભંડોળમાંથી ભોગવવાનો રહેશે. વધુમાં, આ યોજનાનો સમયગાળો તારીખ ૩૧/૦૫/૨૦૨૩ સુધી અમલી રહેશે.

સદર યોજનાના અન્ય માપદંડો/ધારાધોરણો/શરતો વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના ઠરાવમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે.

આ હુકમો, વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ <u>૦૬/૦૪/૨૦૨૩</u> ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.ચૌહાણ)
સરકારના ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

Signature Not Verified
Signed by:Hetal G Chauhan
Under Secretary
Date: 2023.04.06 23:03:12 +05:30

File No: EPCD/GUV/e-file/20/2022/0555/K1 (Energy)
Approved By: Manoj Vitthalbhai Patel(Additional Secretary,K Section,

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અ.મુ.સ.શ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા

-શાખા સીલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Hetal G Chauhan
Under Secretary
Date: 2023.04.06 23:03:12 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign